# પ્રકૃતિ અને પરમાત્માના મિલન સમુ સે-૨૧નું રાજરાજેશ્વર મહાદેવનું મંદિર

ગાંધીનગર, તા.૮

સોમવારથી પવિત્ર પાવનકારી શ્રાવણ માસનો પ્રારંભ થઈ રહ્યો છે તે સાથે જ શહેરના શિવાલયોમાં ભાવિક શ્રદ્ધાળુઓ ભોળાનાથને રીઝવવા પૂજા-અર્ચના-અભિષેક કરતા જોવા મળશે. પાટનગર તરીકે ગાંધીનગરની સ્થાપના થઈ તે પૂર્વે આ વિસ્તારમાં જૂજ મંદિરો હતા જે પૈકી એક અત્યારે સેક્ટર-૨૧ ખાતે એક ઘટાદાર રાયણના વૃક્ષના સાનિધ્યમાં પ્રકૃતિ અને પરમાત્માના મિલન સમુ રાજરાજેશ્વર મહાદેવનું મંદિર આવેલું છે જે શહેરની સ્થાપના પૂર્વેથી શ્રધ્ધાળુઓ માટે ભક્તિ અને આસ્થાનું કેન્દ્ર છે.



રાજરાજેશ્વર મહાદેવ મંદિરે સ્થિત શિવલિંગ સ્વયંભૂ હોવાનું માનવામાં આવે છે, અને અડધું વૃક્ષ મંદિરમાં અને અડધું બહાર હોય તેવું મંદિર સાથે સંલગ્ન રાયણનું વૃક્ષ પણ અંદાજે વર્ષ ૬૦૦થી વધુ પુરાણુ હોવાનું અહીં આવતા શ્રદ્ધાળુઓનું માનવું છે. અત્યારે આર વર્લ્ડ સિનેમાની બરાબર બાજુમાં આવેલું આ મંદિર અર્વાચીન શહેરના નકશા પ્રમાણે બરાબર રસ્તાને અડીને છે જેનો ઉલ્લેખ ગાંધીનગર શહેર બાંધતા પહેલાં તૈયાર કરાયેલા નકશામાં પણ જોવા મળે છે. આ મંદિર વિશે એવી લોકવાયકા છે કે તેની બાજુનાં સે.૨૧ના શાકમાર્કેટનું બાંધકામ થઈ રહ્યું હતું ત્યારે તેનું ધાબુ ત્રણ વખત ભરવા છતાં પડી જવા પામ્યું હતું પરંતુ જ્યારે રાજરાજેશ્વર મંદિરનું પુનરોદ્ધારનો નિર્ણય લઈને કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યો તે પછી જ શાકમાર્કેટનું ધાબુ ટકી શક્યું હતું. આ મંદિરના પુજારી તથા સંચાલક તરીકે ભરતભાઈ પુરોહિત સેવાઓ આપી રહ્યા છે જેઓના કહેવા પ્રમાણે આ સમગ્ર વિસ્તારની જમીન તેમના પૂર્વજોની હતી. રાજરાજેશ્વર મંદિર ખાતે દરરોજ ભાવિક શ્રદ્ધાળુઓ નિયમિત પૂજા અર્ચના તથા અભિષેક માટે આવે છે અને દર શ્રાવણ મહિનામાં સોમવારે વિશેષ આરતી સાથે ભજન કીર્તન પણ કરવામાં આવે છે. પછી શિવરાત્રિ ગણેશોત્સવ તથા જન્માષ્ટમી જેવા તહેવારો ધામધૂમથી ઉજવણી થાય છે અને શ્રાવણ માસની અમાસે વિશેષ કમળ મહાપૂજા કરવામાં આવે છે. રાજરાજેશ્વર મહાદેવ મંદિરના મધ્યમા જમણો પગ ઉપર હોય તેવી જુજ સ્થળે જોવા મળતી દુર્લભ મૂર્તિ સાથે હનુમાન દાદા બિરાજમાન છે.

# હિરોશીમા ડે અંતર્ગત સાયન્સ સિટી દ્વારા લાઈવ ટૉક

ગાંધીનગર, તા.૮

જાપાનના હિરોશીમાં પર બીજા વિશ્વયુદ્ધ દરમિયાન ૧૯૪૫માં ૬ઠ્ઠી ઓગષ્ટે અણુબોમ્બ ઝીંકાયા હતા. અણુહુમલાના ૭૬ વર્ષ પૂરા થવાના પ્રસંગે 'હિરોશીમાં ડે' અંતર્ગત ગુજરાત સાયન્સ સિટી દ્વારા લાઈવ ટોક શોનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ઈન્સ્ટીટ્યુટ ઓફ પ્લાઝમાં રિસર્ચના સાયન્ટીફિક ઓફિસર છાયા ચાવડાએ બોમ્બ પાછળના વિજ્ઞાન વિષે માહિતી આપી હતી. આ સેશનમાં તેમણે આટોમિક બોમ્બ, હાઈડ્રોજન બોમ્બ, સોલટેડ બોમ્બ એલેકટરો મેગ્નેટીક હથિયારો સહિત વિવિધ પ્રકારના ન્યુક્લિયર હથિયારો વિષે માહિતી આપી હતી. તેમણે હિરોશોમાં ખાતે અણુબોંબની દુર્ઘટનાના ફોટા દ્વારા તેની ભયાનક અસરો વિષે સમજ આપતાં જણાવ્યુ કે 'આ અણુહુમલો એટલો ભયાનક હતો કે બોમ્બ પડતાંની સાથે જ ૭૦ હજાર નાગરિકો તો તે જ ક્ષણે મૃત્યુ પામ્યા અને ૯૦ ટકા શહેર ખતમ થઈ ગયું હતુંઅને ત્યાર બાદ બીજા ૧૦ હજાર જેટલા નાગરિકો અણુબોમ્બના રેડીએશનથી મૃત્યુ પામ્યા હતા.' તેમણે જણાવ્યું કે આ ભયાનક તબાહીનો ભોગ બનેલ જાપાન શાંતિનું મહત્વ સમજાવવા હિરોશોમાં ડે ને પીસ ડે તરીકે ઉજવે છે.




# કોલવડા આપઘાત કેસમાં ૬ સામે દુષ્પ્રેરણની ફરીયાદ

ગાંધીનગર, તા.૮

ગાંધીનગર શહેરને અડીને આવેલા કોલવડા ગામની પટેલ ભાગોળ સિપાઈ વાસ ખાતે રહેતા સુરેશભાઈ શકરાભાઈ દરજી છેલ્લા બે દાયકાથી જમીન અને મકાન લે-વેચની દલાલીનો ધંધો કરતા હતા. વર્ષ ૨૦૧૫માં ધંધામાં દેવુ થઈ જતા તેઓએ અન્ય વ્યક્તિઓ પાસેથી વ્યાજે નાણા લીધા હતા. ગત તા.૫ ઓગસ્ટના રોજ સવારે ૧૦ વાગે સુરેશભાઈ ચા-પાણી નાસ્તો કરીને મકાનના બીજા માળે કેબીન ખાતે ગયા હતા. તે સમયે દિકરો દુકાને ગયો હતો અને અલકાબેન ઘરકામમાં વ્યસત હતા. ત્યારે અચાનક સુરેશભાઈએ બુમ પાડતા પત્નિ અલકાબેન ઘરના બીજા માળે દોડીને ગયા હતા. જ્યાં સુરેશભાઈએ ઉલ્ટી કરી હતી અને મોંઢામાંથી ફીણ આવ્યું હતું. જેથી પત્નિએ પુછતા તેઓએ દવા પીધી હોવાનું જણાવ્યું હતું. પરિવારના સભ્યોએ તેઓને તાત્કાલીક ૧૦૮ દ્વારા ગાંધીનગર સિવિલ સારવાર માટે ખસેડ્યા હતા. જયા સારવાર દરમિયાન રાત્રીના ૧૦ વાગે તેઓનું મૃત્યું થયું હતું. પીએમ બાદ મૃતદેહને સોંપતા પરિવારજનોએ અંતિમવિધી કરી હતી. સુત્રો દ્વારા મળતી વિગત મુજબ સિવિલ હોસ્પિટલ લાવતા સમયે તેઓએ પોતે ચિઠ્ઠી મુકી હોવાનું જણાવ્યું હતું. જેથી પરિવાર ના સભ્યોએ ચિઠ્ઠી જોતા તેમાં ત્રાસ આપનાર વ્યકિતના નામ લખ્યા હતા. જેમાં કોલવડા ગામના કરણસિંહ ભવાનજી વાઘેલા, રજનીભાઈ અંબાલાલ પટેલ (હાલ રહે.વૃદાવન સોસાયટી કુડાસણ), સેકટર-૨૬ ખાતે રહેતા ભરતભાઈ નારણભાઈ પટેલ, તેમજ દિનેશ મંગળદાસ પટેલ, સેકટર-૩ ખાતે રહેતો પાર્થ ચુડાસમા અને વાવોલ ખાતે રહેતા રાકેશ પટેલના નામ હતા. ફરીયાદ મુજબ તાજેતરમાં દિનેશ પટેલ દ્વારા સુરેશભાઈને ચેક રીર્ટન અંગે નોટીસ મોકલી આપી હતી. જે અંગે અલ્કાબેન પુછતા પતિએ કહ્યુ હતુ કે તેઓએ દિનેશભાઈ પાસેથી રૂ.૩ લાખ લીધા હતા. જયારે તેમણે નાંખેલ ચેક રૂ.૧૪ લાખનો હતો.

જયારે સુરેશભાઈએ જણાવ્યું હતું કે રજનીભાઈ,દિનેશભાઈ અને ભરતભાઈ જમીન દલાલી સમયે લીધેલા પૈસા પેટે વધુ વ્યાજ માંગે છે. તો સેકટર-૩ ખાતે રહેતા પાર્થ ચુડાસમાને રજનીભાઈ પાસેથી પૈસા સુરેશભાઈએ અપાવ્યા હતા.તે માટે તેઓ વ્યાજની ઉઘરાણી કરતા કરતા હતા. જયારે પાર્થ પાસે પૈસા માંગતા તે ધાક ધમકી આપતો હતો.જયારે વેપારમાં ભાગીદારે હિસ્સો આપ્યો ન હોવાથી તેઓ નાણાકીય ભીડમાં સપડાયા હતા. આ સમગ્ર મુદ્દે પેથાપુર પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

# પ્રદેશ મિડિયા સેલમાં કાર્તિક પટેલ, હિતેન્દ્ર પટેલનો સમાવેશ થયો



ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર મહાનગરપાલિકાના પૂર્વ ડે. મેયર કાર્તિક પટેલનો પ્રદેશ મિડિયા ટીમમાં સમાવેશ કરાયો છે. આ ઉપરાંત જિલ્લામાંથી હિતેન્દ્ર પટેલનો સમાવેશ કરાતાં જિલ્લા ભાજપના કાર્યકરોમાં ઉત્સાહનો માહોલ જોવા મળી રહ્યો છે.


# ધી ગુજરાત સ્ટેટ કો.ઓ. હા. ફા. કોર્પો લિ.નો કાયાકલ્પ

## સંસ્થાના ચેરમેન અને પૂર્વ સહકાર મંત્રી વાડીલાલ બી. પટેલના દૂરદર્શીભર્યા નિર્ણયોના કારણે સંસ્થા નફો કરતી થઈ

ગાંધીનગર, તા. ૮

ધી ગુજરાત સ્ટેટ કો.ઓ. હા.ફા. કોર્પો. લિ.ના ચેરમેન અને પૂર્વ સહકાર મંત્રી વાડીલાલ બી. પટેલે બોર્ડ ઓફ ડીરેકટર્સનો વિશ્વાસ અને સાથ સહકાર મેળવી સંસ્થાનો કાયાકલ્પ કરી દીધો છે. સંસ્થાને લાભ થાય તેવા એક પછી એક નિર્ણયો લઈ સંસ્થાને નફો કરતી કરી સભ્યોને તેનો આર્થિક લાભ આપ્યો છે.

સને ૨૦૧૬ પછી વાડીલાલ પટેલે તેમની વગ, બહોળા અનુભવ તથા રાજકીય સંબંધોનો ઉપયોગ કરી ભારતના તત્કાલિન નાણાંમંત્રી અરૂણ જેટલી, શહેરી વિકાસમંત્રી વૈકૈંયા નાયડુ, કૃષિમંત્રી પુરુષોત્તમ રૂપાલા તથા ગૃહમંત્રી અમિતભાઈ શાહનો સાથ સહકાર મેળવી સંસ્થાને પ્રગતિના પથ પર આગળ ધપાવી છે.



સંસ્થાની સભ્ય ગૃહમંડળીઓની લોન કપાત ૮ ટકા પ્રમાણેના શેરોની રકમ સને ૧૯૯૫ થી વણચુકવાયેલ હતી, જેમાં સરકાર સાથે પરામર્શ કરી કુલ ૧૬૩૦ સોસાયટીઓને શેર કપાતની રકમ રૂ. ૯.૯૦ કરોડ ચુકવી આપવાની કાર્યવાહી હાથ ધરી હતી.

એલ.આઈ.સી.ઓફ ઈન્ડિયાના હિસાબ મુજબ રૂ. ૨૫૯૬.૦૨ કરોડ બાકી નીકળતા હતા જેમાં રૂ. ૧૨૫.૫૪ કરોડના મુદ્દલના પાંચ વર્ષના છમાસિક હપ્તાથી જમા કરાવવાની ઓ.ટી.એસ. યોજના મંજૂર કરાવી વ્યાજ માફી કરાવી છે.

હુડકોની ધિરેલ લોનની રૂ. ૨૦૦.૧૨ કરોડ બાકી લેણી રકમ પૈકી રૂ. ૨૮.૧૨ કરોડ જમા કરાવી રૂ. ૧૭૨ કરોડ વ્યાજ માફ કરવાની ઓ.ટી.એસ. યોજના મંજૂર કરાવી છે. સંસ્થા સને ૧૯૯૫ થી ૨૦૧૭ સુધી ખોટમાં હતી. જેમાં આગામી ખોટ રૂ. ૬૮૦.૩૩ કરોડ સરભર કરી સને ૨૦૧૭ થી સંસ્થાને નફો કરતી કરાવી સભ્ય સોસાયટીઓને ડીવીડન્ટની ચુકવણી કરી છે.

સંસ્થાનો સને ૧૯૯૪ થી ઓડીટ વર્ગ (ડ) હતો જેમાં ૨૨ વર્ષ બાદ સંસ્થાની આર્થિક સદ્ધરતા અને વહીવટી કામગીરીમાં સુધારો કરી ઓડીટ વર્ગ (બ) મેળવી ક્રાંતિ સર્જી છે.

સંસ્થાની લેણદાર સંસ્થા એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયા અને હુડકોની વ્યાજ માફીથી ઉદ્‌ભવેલ વધારાની રકમ રૂ. ૧૦૧.૩૩ કરોડ વ્યાજ રાહત ફંડ ઉભુ કરાવી સભ્ય સોસાયટી તથા સભાસદોને ૫૦ ટકા પ્રમાણે વ્યાજ રાહત યોજના તળે રૂ. ૩૦.૭૦ કરોડ વ્યાજ માફ કરાવી સભ્યોને આર્થિક લાભ આપ્યો છે.

સંસ્થાએ સભાસદોના મરણ બાદ એલ.આઈ.સી. ઓફ ઈન્ડિયાની વીમા કલેઈમની રકમ રૂ. ૮.૩૫ કરોડ ચુકવણી કરાવી છે.

વાડીલાલ બી. પટેલને સંસ્થા માટે સ્વપ્ર અને ઉદ્દેશ છે કે સરકાર તરફથી મંજૂર થઈ આવેલ રીડેવલપમેન્ટ નીતિ (પુનઃ નિર્માણ યોજના)નો લાભ આપી જુની સોસાયટીઓના સભાસદોને જુના પુરાણા મકાનની જગ્યાએ તે જ સ્થળે સરકારશ્રીની નીતિ મુજબ એફ.એસ.આઈ.નો મહત્તમ લાભ મળી રહે માટે મોટુ તથા અદ્યતન સુવિધાઓવાળુ બાંધકામ મળવાની નીતિ માટે સંસ્થાએ ઠરાવો કરી સરકારમાં મંજુર કરાવી પ્રયત્નો હાથ ધર્યા હતા.

આમ સંસ્થાને પ્રગતિ અને વિકાસના પંથે લઈ જવા માટે વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીનો મંત્ર સૌનો સાથ, સૌનો વિકાસ અને સૌનો વિશ્વાસને સાકાર કરવા વાડીલાલ બી. પટેલે સંસ્થાની વ્યવસ્થાપક મંડળની ચૂંટણીમાં ગાંધીનગર જિલ્લામાં ઉમેદવારી નોંધાવી છે. જેમાં સોસાયટીના હોદ્દેદારો તરફથી તેઓને સહર્ષ આવકારી તેઓને વિજયી બનાવવા માટે મક્કમ નિર્ધાર કર્યો છે.

## તરબોળ થશે

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

અર્ચના કરી હતી. શ્રાણણ માસની શરૂઆત પણ પવિત્ર સોમવારના દિવસથી થવાની હોવાથી ભાવિકોનો ઉત્સાહ બેવડાયો છે. એટલુ જ નહીં પરંતુ શ્રાવણ મહીનાના અંતિમ દિવસે પણ સોમવાર જ આવે છે. જેથી સોમવારની વિશેષ પુજા માટે પણ અત્યાર થી જ આયોજન કરી દેવાયા છે. આજે શ્રાવણ માસ શરૂઆત પુર્વેની સંધ્યાએ ભાવિકો દ્વારા નગરના શિવમંદિરોમાં સફાઈ કરવામાં આવી હતી. શ્રાવણ મહીના દરમિયાન શિવાલયોને પણ વિશેષ શણગાર કરવામાં આવે છે. મંદિરમાં રોજબરોજ રંગોલી તેમજ રોશનીની ઝળહળા વચ્ચે મહાઆરતી અને શિવમહીમ્મન સ્તોત્ર, લઘુરુદ્ર , ધુન તેમજ ભજન સહીતના કાર્યક્રમો પણ યોજવામાં આવે છે. કોરોનાના સંક્રમણમાં રાહત હોવાથી ભાવિકો પણ આ વર્ષે મંદિરમાં પુજા અર્ચનાનો લાભ મળશે તેની ખુશી અનુભવી રહ્યા છે. બીજીતરફ ત્રીજી લહેરનો ખતરો માથે જળુંબી રહ્યો છે. ત્યારે મંદિરોમાં પણ માસ્ક તેમજ સોશિયલ ડીસ્ટન્સનુ યોગ્ય પાલન થાય તે અનિવાર્ય છે. શિવમંદિરમાં પણ આ માટે ભાવિકોના પ્રવેશ અન્વયે વિશેષ તકેદારીનો ખ્યાલ રાખવામાં આવશે તેમ પણ જણાંવાયુ છે. સે-૨૨ પંચદેવ મંદિરત, સે -૧૬ સોમનાથ મહાદેવ, સે-૨૧ વૈજનાથ મહાદેવ, સે-૪ ઓમકારેશ્વર મહાદેવ, સે-૬ ભુવનેશ્વર મહાદેવ મંદિરમાં વિશેષ ધાર્મિક કાર્યક્રમોનુ આયોજન કરાયુ છે. જેમાં લઘુરુદ્ર , બિલીપત્ર અને જળાભિષેક , શિવમહીમ્મન સ્તોત્ર , મહાઆરતી સહીતના વિવિધ ધાર્મિક કાર્યક્રમો યોજવામાં આવશે. જેમાં કોરોનાની ગાઈડલાઈનનો પણ વિશેષ ખ્યાલ રાખવામાં આવશે. આ ઉપરાંત રાત્રિના સમયે પ્રદોષ પુજાનુ પણ આયોજન કરાયુ છે. શહેર ઉપરાંત આસપાસના વિસ્તારમાં સ્થિત ધોળેશ્વર મહાદેવ, વાસણિયા મહાદેવ , કોટેશ્વર મહાદેવ મંદિરમાં પણ પવિત્ર શ્રાવણ માસ નિમિત્તે ભોળાનાથની પુજા અર્ચના માટે વિશેષ આયોજન કરાયુ છે. નગરનો એક માસ સુધી શિવભકિતથી તરબોળ થશે

## કેસ નોંધાયો નથી

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગાંધીનગર શહેરમાં આજે ૩ કેસ એક્ટીવ કેસ તરીકે સારવાર હેઠળ છે. જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં એકપણ એક્ટીવ કેસ હાલ સારવાર હેઠળ નથી. જિલ્લામાં સંક્રમણની સ્થિતિ સંપૂર્ણ નિયંત્રણ હેઠળ હોવાનો દાવો કરતાં તંત્રના સૂત્રો જણાવ્યું છે કે, રિકવરી રેટ ૯૫ ટકા ઉપર નોંધાયેલ છે.

## દરોડા

● અનુસંધાન પહેલાનું ચાલુ

આતંકવાદીઓની સામે આરોપ નક્કી કરવાનો આદેશ આપ્યો હતો. વિશેષ ન્યાયાધીશ પરવીન સિંહે પોતાના આદેશમાં કહ્યું હતું કે આતંકવાદી સંગઠને એક ફ્રન્ટલ સંગઠન જમ્મુ-કાશ્મીર પ્રભાવિત રાહત ટ્રસ્ટની રચના કરી હતી. એ પણ જણાવવામાં આવ્યું કે, આ ટ્રસ્ટનો ઉદ્દેશ્ય આતંકવાદી ગતિવિધિઓને સેલ્ફ ફાઈનાન્સ કરવાનો હતો. આ ટ્રસ્ટ મુખ્ય રૂપે આતંકવાદીઓ અને તેમના પરિવારો માટે રૂપિયા એકઠા કરવા માટે બનાવાયું હતું. હવે આ આતંકીઓને ફંડિંગ કરતી સંસ્થામાં દરોડા પાડ્યા બાદ કેટલીક મહત્વની વિગતો સામે આવવાની સંભાવના છે. આ સાથે પૂછપરછ દરમિયાન આ ફંડિંગની અન્ય વિગતો સામે આવવાની સંભાવનાઓ વ્યક્ત કરાઈ રહી છે.

આ સાથે આ ફંડિંગ ભારતમાંથી આવતું હતું કે બહારથી તે અંગે પણ કેટલીક વિગતો ચકાસવામાં આવી શકે છે. આ સાથે આ ફંડિંગ નેટવર્ક કેટલું ફેલાયેલું છે અને જમ્મુ-કાશ્મીરથી ભારતના અન્ય કયા રાજ્યો સાથે તાર જોડાયેલા છે તે અંગે પણ ઊંડી તપાસ કરવામાં આવશે.

## હવાઈ હુમલા

● અનુસંધાન પહેલાનું ચાલુ

હથિયાર-દારૂગોળા સહિત ૧૦૦થી વધુ વાહનો પણ નષ્ટ થયા છે.

સ્થાનિક સાંસદોએ જાવજાનાં સુરક્ષા સ્થિતિ માટે અફઘાનિસ્તાન સરકારને જવાબદાર ગણાવી છે. તાલિબાને શુક્રવારે દક્ષિણી-પશ્ચિમી અફઘાનિસ્તાનમાં નિમરોજ પ્રાંતની રાજધાની પર કબજો કરી લીધો.

આની પહેલા એક પાકિસ્તાની રાષ્ટ્રીય આતંકવાદીને ગજની પ્રાંતીય કેન્દ્રના બહારના વિસ્તારમાં અફઘાન દળોએ ધરપકડ કરી હતી. તે આતંકવાદી ગતિવિધિઓ અને નાગરિકોની હત્યામાં સામેલ હતો. સરકારી દળોની સાથે સપ્તાહના હિંસક ઘર્ષણ બાદ ઉતરી અફઘાનિસ્તાનમાં જાવજાન પ્રાંતની રાજધાની પર તાલિબાને પોતાનો કબજો જમાવી લીધો. અફઘાન સમાચાર એજન્સીએ જણાવ્યું કે રણનીતિક શહેર શેબરધન છેલ્લા બે દિવસથી તાલિબાનને અધીન થનારી બીજી પ્રાંતીય રાજધાની છે.

સ્થાનીક સાંસદોએ જાવજાનાં સુરક્ષા સ્થિતિ માટે અફઘાનિસ્તાન સરકારને જવાબદાર ઠેરવી અને કહ્યું કે, તે આ મામલા પ્રત્યે ઉદાસીન રહી છે. મીડિયા રિપોર્ટમાં શુક્રવારે કહેવામાં આવ્યું કે જાહેર વિદ્રોહી દળોના ૧૫૦ સભ્ય જમીન પર અન્ય દળની મદદ માટે શેબરધન પહોંચ્યા છે. તાલિબાને શુક્રવારે દક્ષિણી-પશ્ચિમી અફઘાનિસ્તાનમાં નિમરોજ પ્રાંતની રાજધાની પર કબજો કરી લીધો.

## તૈનાત કરશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

જાણવા મળી રહ્યું છે કે જીએસએલવી ઉડાન ઉપગ્રહને ૪ મીટર વ્યાસ-ઓગિસ આકારના પેલોડ ફેયરિંગમાં લઈ જશે, જેને રોકેટ પર પ્રથમવાર ઉડાવવામાં આવી રહ્યું છે, જેનાથી અત્યાર સુધી અંતરિક્ષમાં ઉપગ્રહ અને ભાગીદાર મિશનોને તૈનાત કરનાર ૧૩ અન્ય ઉડાનો સંચાલિત કરી છે. તેના વિશે કહેવામાં આવી રહ્યું છે કે ઈઓએસ-૦૩ ઉપગ્રહ એક દિવસમાં દેશની ચાર-પાંચ વાર તસવીર લેશે, જે હવામાન અને પર્યાવરણ પરિવર્તનથી સંબંધિત મુખ્ય ડેટા મોકલશે. એટલું જ નહીં આ ઈજી-૦૩ ઉપગ્રહ ભારતીય ઉપમહાદ્વીપમાં પૂર અને ચક્રાવત જેવી કુદરતી આપદાઓનું લગભગ રિયલ ટાઈમ મોનિટરિંગ કરવામાં સમક્ષ હશે કારણ કે આ મુખ્ય પર્યાવરણીય અને હવામાન પરિવર્તનથી પસાર થાય છે. મહત્વનું છે કે આ પહેલા ૨૮ ફેબ્રુઆરીએ ઈસરોએ વર્ષના પ્રથમ મિશનને સફળતાપૂર્વક અંજામ આપ્યો હતો. ભારતનું રોકેટ ૨૮ ફેબ્રુઆરીએ શ્રીગરિકોટા અંતરિક્ષ કેન્દ્રથી પ્રથમવાર બ્રાઝિલના ઉપગ્રહને લઈને રવાના થયું હતું. બ્રાઝિલના એમેજોનિયા-૧ અને ૧૮ અન્ય ઉપગ્રહોને લઈને ભારતના પીએસએલવી સી-૫૧એ શ્રીહરિકોટા અંતરિક્ષ કેન્દ્રથી ઉડાન ભરી હતી.

## ધમકી મળી

● અનુસંધાન પહેલાનું ચાલુ

જણાવતા તે લખવામાં આવ્યું છે કે તે ભારત આવી રહ્યાં છે અને ત્યાં બોમ્બ ધમાકો કરવાનું ષડયંત્ર રચશે. શનિવારે કરવામાં આ મેલ સાંજે ૫.૪૫ કલાકે મળ્યો હતો. જાણકારી પ્રમાણે આ મેલ india.212@protonmail.com આઈડીથી મોકલવામાં આવ્યો હતો.

